For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

### વડોદરા SOGએ ઉત્તર પ્રદેશના બે શખ્સોને ઝડપી પાડ્યા

# આર્મીમાં ગયા જ નહીં, છતાં 'એક્સ-સર્વિસમેન' બની સિક્યુરિટી ગાર્ડની નોકરી મેળવી લીધી!

**સેવામુક્તિ** પુસ્તિકા, પેન્શન કાર્ડ સહિતના શંકાસ્પદ દસ્તાવેજો કબજે




(પ્રતિનિધિ) વડોદરા, તા. 18

(પ્રતિનિધિ) વડોદરા, તા. 18: ભારતીય સેનામાં ક્યારેય ફરજ બજાવી ન હોવા છતાં એક્સ-સર્વિસમેનનાં બનાવટી દસ્તાવેજો તૈયાર કરાવી સિક્યુરિટી એજન્સીઓમાં નોકરી મેળવતા ઉત્તર પ્રદેશના બે શખ્સોને વડોદરા શહેર SOGએ ઝડપી પાડ્યા છે. બંને પાસેથી આર્મીની સેવામુક્તિ પુસ્તિકા, સર્વિસ સર્ટિફિકેટ, ડિપેન્ડન્ટ સર્ટિફિકેટ, પેન્શન કાર્ડ અને એક્સ-સર્વિસમેન આઈડી કાર્ડ સહિતના શંકાસ્પદ દસ્તાવેજો મળી આવ્યા છે. આ દસ્તાવેજો કોણે બનાવી આપ્યા અને તેની પાછળ કોઈ મોટું નેટવર્ક છે કે કેમ, તે દિશામાં તપાસ શરૂ કરાઈ છે.

પોલીસ કમિશનર નરસિમ્હા કોમારની સૂચના અને માર્ગદર્શન હેઠળ ગેરકાયદેસર પ્રવૃત્તિઓ અટકાવવા SOG દ્વારા તપાસ હાથ ધરવામાં આવી રહી છે. દરમિયાન પીઆઈ ડી.જે. ચુડાસમાની સૂચનાથી કામગીરી કરી રહેલી ટીમના અનઆર્મ્ડ હેડ કોન્સ્ટેબલ આશિષપુરી મનસુખપુરીને બાતમી મળી હતી કે ગોરવાની પરીશ્રમ પાર્ક સોસાયટીમાં રહેતો ધીરેન્દ્રસિંગ હરીસિંગ અને બાજવા રોડની સિકોતરધામ સોસાયટીમાં રહેતો ભુપેન્દ્રસિંગ શિવકુમારસિંગ ગૌત્તમ (રાજપુત) આર્મીમાં નોકરી કરી ન હોવા છતાં બનાવટી પ્રમાણપત્રોના આધારે સિક્યુરિટી ગાર્ડ તરીકે નોકરી કરી રહ્યા છે. બાતમીના આધારે તપાસ કરતાં બંને પાસેથી શંકાસ્પદ દસ્તાવેજો મળી આવ્યા હતા. તપાસમાં બંનેએ એક્સ-સર્વિસમેન હોવાના બનાવટી દસ્તાવેજોનો ઉપયોગ કરીને વિવિધ સિક્યુરિટી એજન્સીઓમાં નોકરી મેળવી હોવાની વિગતો સામે આવી છે. આ રીતે એજન્સીના સંચાલકો સાથે છેતરપિંડી કરી એકબીજાને મદદગારી કર્યાની આશંકા છે.

ધીરેન્દ્રસિંગ પાસેથી સેવામુક્તિ પુસ્તિકા, સર્વિસ સર્ટિફિકેટ, ડિપેન્ડન્ટ સર્ટિફિકેટ, પેન્શન કાર્ડ અને એક્સ-સર્વિસમેન આઈડી કાર્ડ, જ્યારે ભુપેન્દ્રસિંગ પાસેથી સેવામુક્તિ પુસ્તિકા, આઈડી કાર્ડ અને સર્વિસ સર્ટિફિકેટ બુકની ઝેરોક્સ મળી આવી છે.

## આજવા રોડ HP ગેસ પંપ પાસે ઓટો ચાલક પર હુમલો

(પ્રતિનિધિ) વડોદરા,તા.18

સયાજીપુરા ગામ, ટાંકીવાળું ફળિયું, આજવા રોડ ખાતે રહેતા ફરિયાદી સાજીતખાન મોહંમદખાન પઠાણ પોતાની ઓટો રીક્ષામાં ગેસ ભરાવવા માટે પાયોનિયર કોલેજની બાજુમાં આવેલા એચ.પી. ગેસ પંપ પર ગયા હતા. ત્યાં ગેસ ભરાવવા બાબતે બે યુવકો સાથે તેમને બોલાચાલી અને ઝપાઝપી થઈ હતી. આરોપીઓએ ફરિયાદીને ગંદી ગાળો બોલી હતી અને તેમના દિકરા અયાઝને પણ ગાળો બોલી ગડદાપાટુનો માર માર્યો હતો. દરમિયાન એક આરોપીએ હાથમાં પહેરેલ કડું ફરિયાદીના દીકરાના માથામાં મારી દેતા તેને માથાના ભાગે ચાર ટાંકાની ઈજા પહોંચી હતી. આ મામલે ફરિયાદીની ફરિયાદના આધારે કપુરાઈ પોલીસ સ્ટેશનમાં નિખિલ અને કાળા કલરનો શર્ટ પહેરેલ એક અજાણ્યા ઈસમ સામે ગુનો નોંધવામાં આવ્યો છે. પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસર તપાસ હાથ ધરી છે.

## બુલ સર્કલ પર યુવકનો 'શોલે' સ્ટાઇલમાં ડ્રામા



■ શહેરના ફતેહગંજ વિસ્તારમાં આવેલા ટ્રાફિકથી ધમધમતા બુલ સર્કલ પર રીલ બનાવવાના ચક્કરમાં એક યુવકે હોબાળો મચાવ્યો હતો. આશરે 10 ફૂટ ઊંચા બળદના શિલ્પ પર ચડી યુવકે શર્ટ ઉતારી 'શોલે' ફિલ્મના વીરુ જેવો ડ્રામા શરૂ કર્યો હતો. જાહેર માર્ગ પર યુવકની આ હરકતને પગલે લોકોનાં ટોળાં એકઠાં થઈ ગયાં હતાં. પરિણામે વાહનવ્યવહાર ખોરવાયો હતો અને વાહનચાલકો તથા રાહદારીઓને હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. સોશિયલ મીડિયા પર પ્રસિદ્ધિ મેળવવા યુવકે જાહેર સ્થળને જાણે ફિલ્મના શૂટિંગ સ્થળમાં ફેરવી દીધું હતું. ટ્રાફિક વચ્ચે કરવામાં આવેલા આ તમાશાને પગલે જાહેર સલામતી અને વ્યવસ્થાને લઈને સવાલો ઊભા થયા છે. હવે આ પ્રકારનું જોખમી કૃત્ય કરનાર યુવક સામે પોલીસ શું કાર્યવાહી કરે છે તે જોવું રહ્યું.

# ખાનગી કોચિંગ ક્લાસના શિક્ષક સામે વિદ્યાર્થિનીને મારવાનો આક્ષેપ

**ધો.૧૦ની** વિદ્યાર્થિની બીકના માર્યા ક્લાસમાં જવાનું બંધ કરતા મામલો ઉજાગર

**રજૂઆત** બાદ અંતે દીકરીના ભવિષ્યને લઈ વાલીએ ફરિયાદ કરવાનું ટાળ્યું

(પ્રતિનિધિ) વડોદરા, તા.18

શહેરના અટલાદરા અને સન ફાર્મા રોડ પર ચાલતા પરિશ્રમ ક્લાસીસના એક શિક્ષક સામે ધો.10 ની વિદ્યાર્થિનીને માર મારવાનો ગંભીર આક્ષેપ થયો છે. વિદ્યાર્થિની ક્લાસમાં જવાનું બંધ કરતા વાલીની પૂછપરછમાં સમગ્ર મામલો ઉજાગર થયો હતો.

પ્રાપ્ત વિગતો અનુસાર, શિક્ષક મનીષ પટેલ ક્લાસમાં વિદ્યાર્થીઓને ગણિતના દાખલા ગણવા આપે છે અને તેના માટે ચોક્કસ સમય નક્કી કરે છે. સમય પૂર્ણ થતા જ સીટી મારી પ્રથમ 10 વિદ્યાર્થીઓની બુક લઈ લે છે અને બાકીના પાછળ રહી ગયેલા વિદ્યાર્થીઓને જાડી સ્કેલ વડે હાથ પર સપાટા મારે છે. આવી જ ઘટનામાં ધો.10 ની એક વિદ્યાર્થિનીએ બીકના માર્યા નવરાત્રિ પહેલેથી ક્લાસમાં જવાનું બંધ કરી દીધું હતું. દીકરી ક્લાસમાં કેમ જતી નથી તેવી માતાએ પૂછપરછ કરતા સમગ્ર હકીકત બહાર આવી હતી.

વિદ્યાર્થિનીને શિક્ષક માર મારતો હોવાથી તે ડરી ગઈ હતી. દીકરીનું ભવિષ્ય ન બગડે તે માટે વાલીએ પોલીસ ફરિયાદ કરવાનું ટાળ્યું હતું, પરંતુ અટલાદરા બ્રાન્ચ પર પહોંચી શિક્ષક મનીષ પટેલને આ બાબતે રજૂઆત કરી ઉધડો લીધો હતો. ધો.6 થી 12 જીએસઈબી અને સીબીએસઈના વિદ્યાર્થીઓને ભણાવતા આ ક્લાસમાં બનેલી ઘટના અંગે વાલીઓમાં રોષ જોવા મળ્યો હતો. અંતે બંને પક્ષે સમજાવટથી મામલો થાળે પડ્યો હતો અને સમાધાન કરવામાં આવ્યું હતું.

## મહિલા સાથેના જૂના ઝઘડાની અદાવતમાં યુવક પર હુમલો

(પ્રતિનિધિ) વડોદરા, તા.18

ફતેપુરા ભાંડવાડા વિસ્તારમાં અંબે માતાના મંદિર પાસે જૂની અદાવતમાં યુવક પર કુહાડી અને લોખંડની પાઈપથી જીવલેણ હુમલો કરાયો હતો. આ મામલે કુંભારવાડા પોલીસે ચાર આરોપીઓ સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. ફતેપુરા ભાંડવાડામાં રહેતા અજયભાઈ કાંતિભાઈ મારવાડી રાત્રે અંબે માતાના મંદિર પાસે બેઠા હતા, ત્યારે તેમની પત્ની મનીષા સાથે બે દિવસ અગાઉ થયેલા ઝઘડાની અદાવત રાખી આરોપીઓએ બોલાચાલી શરૂ કરી હતી. અજયભાઈ વચ્ચે પડતાં તૌફિકભાઈ મહંમદભાઈ શેખે કુહાડીના પાછળના ભાગથી તેમના ડાબા ખભા પર હુમલો કર્યો હતો. જ્યારે અનમોલ ઉર્ફે શિવાની શેખે લોખંડની પાઈપ અને કુહાડીથી માથામાં મારતાં યુવકને ત્રણ ટાંકા આવ્યા હતા. હુમલા બાદ જાનથી મારી નાખવાની ધમકી પણ અપાઈ હતી. પોલીસે અનમોલ ઉર્ફે શિવાની, નિર્મલા, કાંચા અને તૌફિકભાઈ શેખ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### દબાણશાખાની ટ્રકમાંથી ફળનાં કેરેટ ઉતારી લઈ ગયા હોવાનો આક્ષેપ

# ખંડેરાવ માર્કેટમાં VMCની ટીમ સાથે વેપારીઓનું ઘર્ષણ : ૩ સામે ગુનો દાખલ

(પ્રતિનિધિ) વડોદરા તારીખ 18

વડોદરાના ખંડેરાવ માર્કેટમાં હંગામી દબાણો દૂર કરવા ગયેલી મહાનગરપાલિકાની દબાણશાખાની ટીમ સાથે ઝઘડો કર્યાં બાદ ધમકી પણ આપવામાં આવી હતી. એટલું જ નહીં, VMCની ટ્રકમાં મૂકેલાં ફળનાં કેરેટ ઉતારી લઈ જઈ સરકારી કર્મચારીઓની કાયદેસરની ફરજમાં અવરોધ ઊભો કર્યો હતો નવાપુરા પોલીસ મથકમાં નોંધાવવામાં આવી છે.

વડોદરા મહાનગરપાલિકાની દબાણશાખાની ટીમ ખંડેરાવ માર્કેટ વિસ્તારમાં હંગામી દબાણો દૂર કરવાની કામગીરી કરી રહી હતી, તે દરમિયાન કેટલાક શખસોએ કર્મચારીઓ સાથે બોલાચાલી કરી ધમકી આપતાં મામલો પોલીસ મથકે પહોંચ્યો હતો.

તરસાલી મકરપુરા વિસ્તારમાં રહેતા અને છેલ્લા આઠ મહિનાથી ખંડેરાવ માર્કેટ ખાતે વોર્ડ નંબર-13ની દબાણશાખામાં ક્લાર્ક તરીકે ફરજ બજાવતા ગોપાલભાઈ ઈશ્વરભાઈ રાણા (ઉં.વ. 51)એ નોંધાવેલી ફરિયાદ મુજબ, તેઓ અન્ય કર્મચારીઓ અને VMCના સિક્યુરિટી ગાર્ડ સાથે શનિવારે સવારે સાત વાગ્યે દબાણો દૂર કરવા નીકળ્યા હતા. ખંડેરાવ માર્કેટ વિસ્તારમાં કાર્યવાહી દરમિયાન જપ્ત કરાયેલાં લારી-ગલ્લાં તથા ફળનાં કેરેટ VMCની ટ્રકમાં મૂકવામાં આવ્યાં હતાં.

આ દરમિયાન સવારે આશરે સવા નવ વાગ્યે ખંડેરાવ માર્કેટ ફ્રૂટ માર્કેટમાં ગુરુદ્વારા સામે જાહેર રોડ પર રાખેલાં ફળનાં કેરેટ ટ્રકમાં ભરવામાં આવી રહ્યાં હતાં, ત્યારે કમલેશ પરમાર નામનો શખસ ત્યાં આવ્યો હતો. તેણે કર્મચારીઓ સાથે બોલાચાલી કરી બિભત્સ ગાળો ભાંડી હતી અને સાંજે છ વાગ્યા પછી જોઈ લેવાની ધમકી આપી હોવાનો ફરિયાદમાં આક્ષેપ કરાયો છે.

ત્યારબાદ કમલેશ પરમારના કહેવાથી પ્રથમ ભરવાડ અને દિલીપ નામના બે શખસો પણ ટ્રક પાસે આવ્યા હતા. તેઓ ટ્રક પર ચડી ગયા હતા અને તેમાં મૂકેલાં ફળનાં કેરેટ ઉતારીને લઈ ગયા હોવાનો આક્ષેપ છે. આ દરમિયાન કમલેશ પરમાર અને તેના સાથીઓએ કર્મચારીઓને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બનાવને પગલે ગોપાલભાઈ રાણાએ 112 નંબર પર ફોન કરીને પોલીસની મદદ માગી હતી. પોલીસ સ્થળ પર પહોંચતાં આરોપીઓ ત્યાંથી ભાગી ગયા હતા. ત્યારબાદ તેમણે વોર્ડ ઓફિસર અતીશેષ ચૌધરીને જાણ કરતાં પોલીસ ફરિયાદ કરવાની સૂચના આપવામાં આવી હતી. ગોપાલભાઈ રાણાની ફરિયાદના આધારે નવાપુરા પોલીસે કમલેશ પરમાર, પ્રથમ ભરવાડ અને દિલીપ સામે કર્મચારીઓને ધમકી આપવા, સરકારી ફરજમાં અડચણ ઊભી કરવા સહિતના આક્ષેપો અંગે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવા તપાસ શરૂ કરી છે.

# પ્રેમજાળમાં ફસાવી યુવતીની જિંદગી બરબાદ કરનાર સામે ગુનો નોંધાયો

**પરિણીત** હોવા છતાં લગ્નની વાત છુપાવી, છૂટાછેડા આપી લગ્ન કરવાની લાલચ આપી ઝઘડા-તકરાર કર્યા

(પ્રતિનિધિ) વડોદરા, તા.18

હરણી પોલીસ સ્ટેશન હદમાં એક યુવતીને પ્રેમજાળમાં ફસાવી તેની જિંદગી બરબાદ કર્યાની ગંભીર ફરિયાદ નોંધાઈ છે. જેમાં પરિણીત હોવા છતાં લગ્નની વાત છુપાવી અને છૂટાછેડા આપી લગ્ન કરવાની લાલચ આપી મરી જવા મજબુર કરતા પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી.

પ્રાપ્ત વિગતો અનુસાર, વાઘોડિયા રોડ, હરિયાળી હોટલ પાછળ કોપરેશનના બગીચા નજીક વ્રજલીલા સોસાયટીમાં રહેતા ફરિયાદી જગદીશભાઈ ભાઈલાલભાઈ પરમારે ફરિયાદ નોંધાવી છે કે, તેમની દીકરીને સમા સાવલી રોડ વેમાલી ખાતે રહેતા અને દુકાન નં-08, મધુવન આઈકોન કોમ્પ્લેક્સ, હરણી સમા લિંક રોડ ખાતે વ્યવસાય કરતા હેતુક દુષ્યંતભાઈ પટેલે પોતે પરિણીત હોવાની હકીકત જાણતો હોવા છતાં છુપાવી હતી. આરોપીએ યુવતીને પ્રેમજાળમાં ફસાવી રાખી હતી અને શરૂઆતમાં પોતે પરિણીત હોવાની જાણ કરી ન હતી. બાદમાં યુવતીને તેના લગ્નની જાણ થતા આરોપીએ તેની પત્નીને છૂટાછેડા આપી યુવતી સાથે લગ્ન કરવાની લાલચ, ભરોસો અને વિશ્વાસ આપ્યો હતો. ત્યારબાદ યુવતીએ તેની પત્ની સાથે છૂટાછેડા લેવાનું કહેતા આરોપીએ યુવતી સાથે ઝઘડો તકરાર શરૂ કરી હતી. પત્નીને છૂટાછેડા ન આપી યુવતીની જિંદગી બરબાદ કરી અને મરી જવા ઉપર મજબુર કરી હોવાનો આક્ષેપ ફરિયાદમાં કરવામાં આવ્યો છે. આ બનાવ અંગે હરણી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાતા પોલીસે આરોપી હેતુક પટેલ સામે ગુનો દાખલ કરી આગળની કાયદેસર તપાસ હાથ ધરી છે.

### ખોટા વિઝા અને ઓફર લેટર પધરાવ્યા

# કેનેડાના વર્ક વિઝા અને હોસ્પિટલમાં નોકરીના નામે મહિલાને ઠગે રૂ. ૧.૭૦ લાખનો ચૂનો ચોપડયો

**વડોદરાની** દીકરીને વિદેશ મોકલવાની લાલચ આપી રૂ. ૪.૨૦ લાખ પડાવ્યા,

**રૂ. ૨.૫૦ લાખ** પરત આપી બાકીની રકમ ચૂકવી નહીં

(પ્રતિનિધિ) વડોદરા તા. 18

(પ્રતિનિધિ) વડોદરા, તા. 18: શહેરના વારસિયા વિસ્તારમાં રહેતી મહિલાની દીકરીને કેનેડાના વર્ક વિઝા અપાવી હોસ્પિટલમાં કેશિયરની નોકરી અપાવવાની લાલચ આપીને રૂ. 4.20 લાખ પડાવી લેવાનો કિસ્સો સામે આવ્યો છે. આરોપીએ કેનેડાની હોસ્પિટલનો ઓફર લેટર અને વિઝા મોકલ્યા હતા, પરંતુ તપાસમાં બંને દસ્તાવેજો ખોટા હોવાનું બહાર આવ્યું હતું. આરોપીએ રૂ. 2.50 લાખ પરત આપ્યા બાદ બાકીના રૂ. 1.70 લાખ નહીં ચૂકવી સંપર્ક કાપી નાખ્યો હતો. આ મામલે દીપા નરેશ ફુલવાનીએ સેલ્વીન મેકવાન ઉર્ફે લિયો ક્રિશ્ચન સામે ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદ મુજબ, નવેમ્બર 2021માં દીકરી ઉષાને કેનેડા નોકરી માટે મોકલવા દીપાબેને ટ્યુશન ક્લાસનાં શિક્ષિકા શીતલ ફિલિપ્સનો સંપર્ક કર્યો હતો. તેમણે સેલ્વીન મેકવાનનો પરિચય કરાવ્યો હતો. આરોપીએ કેનેડાના વર્ક વિઝા અને હોસ્પિટલમાં કેશિયરની નોકરી અપાવવા રૂ. 6.50 લાખનો ખર્ચ થશે તેમ જણાવ્યું હતું.

25 નવેમ્બર, 2021ના રોજ દીપાબેન અને તેમના પતિએ દીકરીનો અસલ પાસપોર્ટ તથા રૂ. 2.20 લાખનો ચેક આપ્યો હતો. ત્યારબાદ 4 ડિસેમ્બરે વધુ રૂ. 2 લાખનો ચેક આપ્યો હતો. સામે આરોપીએ સિક્યોરિટી પેટે રૂ. 4.20 લાખનો ચેક આપ્યો હતો.

23 મે, 2022ના રોજ આરોપીએ વોટ્સએપ પર કેનેડાની માઉન્ટ સિનાઈ હોસ્પિટલનો ઓફર લેટર અને 8 સપ્ટેમ્બરે વિઝા મોકલ્યા હતા. જોકે, તપાસ કરતાં દસ્તાવેજો બનાવટી હોવાનું જાણવા મળ્યું હતું. આરોપીએ ટુકડે-ટુકડે રૂ. 2.50 લાખ પરત આપ્યા, પરંતુ બાકીની રકમ ચૂકવી નહોતી. સિક્યોરિટી ચેકનું ખાતું પણ બંધ હોવાનું જાણવા મળ્યું હતું. આશરે ત્રણ વર્ષ સુધી સંપર્ક નહીં થતાં અને આરોપી કપુરાઈ પોલીસ સ્ટેશનમાં પકડાયો હોવાની જાણ થતાં દીપાબેને ફરિયાદ નોંધાવી

# સ્વામિ વિવેકાનંદ હાઈટ્સમાં બે પરિવાર વચ્ચે મારામારી, ચાર સામે ગુનો નોંધાયો

**ન્યૂ સમા** રોડ પર વાતચીત દરમિયાન બોલાચાલી, બાઇક લઈ પીછો કરી સંબંધીઓને માર માર્યો, જાનથી મારી નાખવાની ધમકી

(પ્રતિનિધિ) વડોદરા, તા.18

શહેરના ગોરવા વિસ્તારમાં સ્વામી વિવેકાનંદ હાઈટ્સ-03, દશામાતા મંદિર સામે રહેતા પરિવાર પર હુમલાની ઘટના સામે આવી છે. આ મામલે ગોરવા પોલીસે ચાર યુવકો સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ફરિયાદી ભાવનાબેન ભરતભાઈ સોલંકી તેમના પતિ અને બે પુત્રો સાથે ન્યૂ સમા રોડ પર જયનારાયણ પાર્ક પાસે વાતચીત કરવા ગયાં હતાં. ત્યાં કેટલાક યુવકો સાથે બોલાચાલી થતાં તેમણે 112 પર કોલ કરી પોલીસને જાણ કરી હતી અને ફતેગંજ પોલીસ સ્ટેશનમાં અરજી આપી હતી.

ત્યારબાદ પરિવાર ઘરે પરત ફરતો હતો ત્યારે આરોપીઓએ બાઈક પર પીછો કર્યો હતો. સોસાયટીના ગેટ પાસે ફરિયાદીના સબંધી કૌશિકભાઈ અને જિજ્ઞેશભાઈને રોકીને તેમની સાથે બોલાચાલી કરી હતી. ઉશ્કેરાયેલા એક આરોપીએ કૌશિકભાઈને વાળ પકડી નીચે પાડી માર માર્યો હતો, જ્યારે બીજા આરોપીએ જિજ્ઞેશભાઈને પાડી મોઢા અને છાતીના ભાગે મુક્કા માર્યા હતા. અન્ય બે યુવકોએ પણ ગડદાપાટુનો માર માર્યો હતો.

ફરિયાદી વચ્ચે પડતાં ટોળું એકત્ર થયું હતું. આરોપીઓ બંનેને ફરી મળ્યા તો વધુ માર મારવાની ધમકી આપી નાસી છૂટ્યા હતા. મારામારીમાં બંનેને ઈજાઓ પહોંચી હતી. પોલીસે રોહન સોલંકી ઉર્ફે રણદુ ઉર્ફે ભટિયો, હર્ષ ઉર્ફે ભદિયો, વિવેક ઉર્ફે અન્નો સહિત ચાર સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

### હેવમોરથી દિવાળીપુરા રોડ દોઢ વર્ષમાં જ ખોદી નંખાયો

# કરોડોના ખર્ચે બનેલા નવા રોડ પર ફરી વળ્યું જેસીબી: ટેક્સના પૈસા પાણીમાં

**વિભાગો** વચ્ચે સંકલનના અભાવે વાહનચાલકો અને સ્થાનિકો હાલાકી ભોગવવા મજબૂર



(પ્રતિનિધિ) વડોદરા તા.18

શહેરમાં પ્રશાસનની અદૂરદર્શિતા અને અધિકારીઓ વચ્ચેના નબળા સંકલનનું એક વધુ જીવંત ઉદાહરણ સામે આવ્યું છે. વડોદરાવાસીઓને સારી માર્ગ સુવિધાઓ પૂરી પાડવા માટે કરોડો રૂપિયાના ખર્ચે તૈયાર કરવામાં આવેલા મુખ્ય માર્ગ પર ફરી એકવાર ખોદકામ શરૂ કરી દેવામાં આવ્યું છે. હાટકેશ અને વિકાસની વાતો કરતી મ્યુનિસિપલ કોર્પોરેશનની આ બેદરકારીને કારણે પ્રજાના પરસેવાની કમાણીના નાણાંનો આડેધડ વેડફાટ થઈ રહ્યો છે, જ્યારે બીજી બાજુ સામાન્ય નાગરિકો અને વાહનચાલકો મુશ્કેલીમાં મુકાયા છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, વડોદરાના વ્યસ્ત અને મહત્વના ગણાતા હેવમોર સર્કલથી દિવાળીપુરા તરફ જતા મુખ્ય માર્ગ પર હાલમાં ડ્રેનેજ લાઈન અને અન્ય કામગીરી માટે રોડ ખોદવાનું શરૂ કરી દેવામાં આવ્યું છે. આશ્ચર્યની વાત એ છે કે જે રોડ પર અત્યારે જેસીબી અને મશીનો દ્વારા ખાડા ખોદવામાં આવી રહ્યા છે, તે જ નવો રોડ માત્ર દોઢ વર્ષ પહેલા જ કરોડો રૂપિયાના માતબર ખર્ચે અત્યાધુનિક રીતે બનાવવામાં આવ્યો હતો. માત્ર અઢાર મહિનાની અંદર જ લાખો-કરોડોના ખર્ચે તૈયાર થયેલા ડામર કેસીસી રોડને તોડી પાડવો પડે તેવી સ્થિતિ નિર્માણ પામતા પાલિકાની આયોજન શૈલી સામે ગંભીર સવાલો ઊભા થયા છે. શહેરમાં વારંવાર જોવા મળતી આ પ્રકારની ઘટનાઓ પાછળ મુખ્ય કારણ પાલિકાના વિવિધ વિભાગો વચ્ચે સ્પષ્ટ સંકલનનો અભાવ હોવાનું મનાઈ રહ્યું છે.

### સમગ્ર શહેરમાં સફાઈના બણગા ફૂંકતું તંત્ર કુંભકર્ણની નિંદ્રામાં

# બરોડા ડેરી-તરસાલી માર્ગ પર પાલિકાનો પ્લોટ કચરાના ડમ્પિંગ યાર્ડમાં ફેરવાયો!

**ત્રાહીમામ** પોકારી ગયેલા સ્થાનિકોમાં જનપ્રતિનિધિઓ સામે ભારે આક્રોશ



(પ્રતિનિધિ) વડોદરા, તા. 18:

દેશભરમાં સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત શહેરોને સ્વચ્છ રાખવાની વાતો થઈ રહી છે, ત્યારે વડોદરા મહાનગરપાલિકાના દક્ષિણ ઝોનમાં સ્વચ્છતાના દાવાઓ સામે સવાલો ઊભા થયા છે. વોર્ડ નં. 17માં બરોડા ડેરીથી તરસાલી તરફ જતા મુખ્ય માર્ગ પર શાંતિનગર વિસ્તાર પહેલાં આવેલા પાલિકાના માલિકીના વિશાળ ખુલ્લા પ્લોટમાં કચરાના ગંજ ખડકાતાં તે જાણે ડમ્પિંગ યાર્ડ બની ગયો છે.

પ્લોટમાં ચારે તરફ કચરો, ગંદકી અને ગંદા પાણીના કારણે આસપાસના રહીશો મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. કચરાની દુર્ગંધ અને ગંદકીથી લોકો ત્રસ્ત છે, જ્યારે મચ્છરોનો ઉપદ્રવ વધતાં રોગચાળો ફાટી નીકળવાની ભીતિ પણ સેવાઈ રહી છે. એક તરફ પાલિકા શહેરમાં સ્વચ્છતા જાળવવાના દાવા કરે છે, તો બીજી તરફ મુખ્ય માર્ગ પર જ આવી સ્થિતિ જોવા મળતાં તંત્રની કામગીરી સામે પ્રશ્નો ઊભા થયા છે.

સ્થાનિક રહીશોમાં દક્ષિણ ઝોનના નગરસેવકો અને જવાબદાર અધિકારીઓ સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે. લોકોના જણાવ્યા મુજબ, વારંવાર રજૂઆતો કરવા છતાં પ્લોટની સફાઈ માટે અસરકારક પગલાં લેવાતાં નથી. આટલી મોટી સમસ્યા હોવા છતાં જવાબદાર તંત્ર આંખ આડા કાન કરી રહ્યું હોવાની લાગણી લોકોમાં પ્રવર્તી રહી છે.

સ્થાનિકોએ કટાક્ષ કરતાં જણાવ્યું હતું કે, જો વડાપ્રધાન નરેન્દ્ર મોદી પોતે અહીં આવીને ઝાડુ ઉપાડે તો કદાચ તંત્રની ઊંઘ ઊડે અને પ્લોટની સફાઈ થાય.

હવે પ્રિન્ટ મીડિયાના માધ્યમથી ઉચ્ચ અધિકારીઓ અને શાસકોનું ધ્યાન દોરવામાં આવ્યું છે. વહેલી તકે પ્લોટની સફાઈ કરી ગંદકી દૂર નહીં કરવામાં આવે તો સ્થાનિકોએ ગાંધીચિંધ્યા માર્ગે આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારી છે.

# બેંક મનેજરના ઘરમાં દાગીના સહિત ૧.૮૩ લાખની ચોરી

**નવરાત્રિના** બંદોબસ્તનો લાભ ઉઠાવતા તસ્કરોબાપોદમાં બંધ મકાનને નિશાન બનાવ્યું

(પ્રતિનિધિ) વડોદરા, તા. 18

બાપોદ પોલીસ સ્ટેશન પાછળ આવેલા વિનાયક બંગલોમાં રહેતા અને રાજકોટની એક્સિસ બેંકમાં મેનેજર તરીકે નોકરી કરતા ભરત ગોવિંદ કાળેના ઘરમાં તસ્કરો ત્રાટક્યા હતા. મકાનના દરવાજાનું ડુપ્લીકેટ ચાવી વડે તાળું ખોલી બેડરૂમમાં મૂકેલી લોખંડની તિજોરીનું લોકર તોડી તેમાંથી સોનાનું મંગળસૂત્ર, બુટ્ટી, ચાંદીના દાગીના, રૂ.3 હજાર રોકડા રૂપિયા 1.83 લાખ અને બેંકની પાવર ઓફ એટર્ની ચોરી કરી તસ્કરો ફરાર થઈ ગયા હતા. કામવાળા બેન આવ્યા અને દરવાજો ખુલ્લો જોતા ચોરીની જાણ થઈ હતી.

ભરત કાળેના ભત્રીજા મયંક શ્રીકાંત કાળેને બ્રેઈન હેમરેજ થતાં તેઓ છેલ્લા એક મહિનાથી ભત્રીજાના ઘરે રોકાઈને વર્ક ફ્રોમ હોમ કરી રહ્યા હતા. દરમિયાન 17 ઓક્ટોબરની સવારે આશરે 9:40 વાગ્યે તેમના પાડોશી વૈશાલીબેને ફોન કરીને જાણ કરી હતી કે તેમના ઘરે કચરા-પોતાં કરવા આવતાં લક્ષ્મીબહેને મકાનનું તાળું ખુલ્લું હોવા અને તિજોરી ખુલ્લી હોવા અંગે જણાવ્યું છે. જેથી ભરત કાળે ઘરે પહોંચ્યા હતા. તપાસ કરતાં દરવાજાનું તાળું ગાયબ હતું અને બેડરૂમમાં મૂકેલી લોખંડની તિજોરીનું લોકર તૂટેલું જોવા મળ્યું હતું. તિજોરીની તપાસ કરતાં સોનાનું મંગળસૂત્ર, સોનાની બુટ્ટી, ચાંદીનું કળશ, લોટો, કમરનો ઝૂડો, બંગડીઓ, ગળાનો સેટ અને ઝાંઝર સહિતના દાગીના તેમજ રૂ.3 હજાર રોકડા મળી રૂપિયા 1.83 લાખ આવ્યાં નહોતાં. આ ઉપરાંત એક્સિસ બેંકની પાવર ઓફ એટર્ની પણ ગાયબ હતી. ચોરી થયેલી મત્તાની રૂ.1.83 લાખ ની ચોરી થતા ભરત કાળેએ બાપોદ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

### એક બાજુમાં શહેરમાં પીવાના પાણી માટે વલખાં અને બીજી બાજુ વેડફાટ

# તંત્રની બેદરકારીથી દાંડિયાબજાર સુધી વહી ગયું શુદ્ધ ચોખ્ખું પીવાનું પાણી

(પ્રતિનિધિ) વડોદરા. તા.૧૮

વડોદરા શહેરના અનેક વિસ્તારોમાં નાગરિકો પીવાના પાણીની અપૂરતી અને અનિયમિત વિતરણ વ્યવસ્થાથી પરેશાન છે, ત્યારે શહેરના મધ્ય વિસ્તારમાં મુખ્ય પાણીની લાઇનમાં ભંગાણ સર્જાતાં હજારો લીટર શુદ્ધ પાણી રોડ પર વહી ગયું હતું. આ ઘટનાને પગલે વડોદરા મહાનગરપાલિકાની કામગીરી સામે સવાલો ઊભા થયા છે.



શહેરના સુરસાગર તળાવ સામેની ગલીમાંથી મરીમાતાના ખાંચામાં પ્રવેશવાના રસ્તે પીવાના પાણીની મુખ્ય લાઇનમાં અચાનક મોટું ભંગાણ સર્જાયું હતું. પાઈપલાઈનમાં પાણીના વધુ દબાણને કારણે પાણીનો પ્રવાહ સતત બહાર વહેવા લાગ્યો હતો. લીકેજનું પાણી ગલીમાંથી આગળ વધીને દાંડિયાબજાર ચાર રસ્તા સુધી ફરી વળ્યું હતું.

મુખ્ય માર્ગ પર પાણી ભરાઈ જતાં રાહદારીઓ, વાહનચાલકો અને સિનિયર સિટીઝનોને અવરજવરમાં મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. પાણીના પ્રવાહ વચ્ચે રસ્તો પસાર કરવો પણ મુશ્કેલ બન્યો હતો.

એક તરફ પાલિકા નાગરિકોને સમયસર શુદ્ધ પાણી પહોંચાડવાના દાવા કરે છે, તો બીજી તરફ જાહેર માર્ગ પર પીવાનું પાણી વેડફાતાં સ્થાનિકોમાં રોષ ફેલાયો છે. નાગરિકોએ સવાલ ઉઠાવ્યો છે કે પાણી બચાવવાની અપીલ કરતી પાલિકા પોતાની જ પાણીની લાઇનોમાં થતા ભંગાણને રોકવા માટે અસરકારક પગલાં કેમ લેતી નથી?